**Recitation of Ana(n)t Akhā*do* over 40 days**

**Day 38**

આશાજી સરગ ભમણમાંહે ગુર ને હુરૂં, રહેશે અંત રલીઆતજી;
નુરાની કાયા મોમનની હોશે, હોશે તેણે દીન. હરી૦ (૪૬૩)

આશાજી નીચ ઉંચ જીવડા સરવે, સામીજીના જીવ કહેવાયજી:
ઉતમ કરણી જે જીવ કરશે, ઉતમ તેઓને જાણ. હરી૦ (૪૬૪)

આશાજી ઉતમ કરણી નીચ હોશે, પાપ એહી તોલે તમે દેખેજી;
તોલતા તોલતા સુધ તમને પોચશે, નીચ પોતાને જાણ. હરી. (૪૬૫)

આશાજી તારારાણી નીચ ઘર આવી, પણ ઉત્તમ તેના કામજી;
સતીઆ સોહી મુનીવર કહીએ, જે જીવ સતજ રાખે. હરી (૪૬૬)

આશાજી રખીઆ ઘેર તો નારી રહેતી. સુખદુઃખ ગુરકું કહેતીજી;
એક દીન મારગ સાહેએ દેખાડયા, પણ ગુર વિના પંથ ન હોય.
હરી૦ (૪૬૭)

આશાજી ગત જુમલામાંહે હેતજ ઉપના, સાહેએ પેદા કીધીજી;
તીસ દીન રાણી દુઆ ફુલ ખાતી, પોતી સરગ દુઆર. હરી. (૪૬૮)

આશાજી ગત જુમલે મીલી દુઆજ દીધી, સતગુર ભીરમા જાણીજી;
રાજા હરીચંદ હેતજ રાખ્યો, રાખ્યો નર પરસાદે. હરી૦ (૪૬૯)

**Recitation of Ana(n)t Akhādo over 40 days**

**Day 38 (continued)**

આશાજી સરગ કારણ વીશ્વામીત્ર આવ્યા, આવ્યા અયોધાપુરી માંહેજી;
કસી કાયા કારી કીધી, કીધી ગુરનરને નામે. હરી૦ (૪૭૦)

આશાજી નાર થકી એ નર ઓધર્યા, હુઆ પુરા પુરખજી;
મારગ ચોખો એહીજ જાણો, જાણો ગુરનરને ઠામ. હરી૦ (૪૭૧)

આશાજી એવા જીવ થઈને ચાલ્યા, હુઆ દીનકે કામેજી;
જુગા જુગ તેઓના નામ લીખાણા, લીખાણા માંહે સંસાર.
હરી૦ (૪૭૨)

આશાજી તે રખીસરને ઘેર હુઇ વધાઇ, તેને ધરમે પાર ઉતાર્યાજી;
તેના ધરમ અમ થકી પાયા, પાયા સતપંથ સાર. હરી૦ (૪૭૩)

આશાજી રખીસર જેવા થઇને ચાલો, તો પોહોંચો સરગ દુઆરજી;
તે જેવી કરણી કરશો, તો પોંચશો સરગ દુઆર. હરી૦ (૪૭૪)

આશાજી અમે શાહજીકે હાટ વેચાણા, મેરા નહી કુછ ચાલેજી;
અમારા વચન જે જીવ માને, તે હોશે સરગ દુઆર. હરી. (૪૭૫)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhādo. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)